સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૭-૯-૯૦ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

...

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૦-૯-૯૦ ના પત્ર નં.સીપીસ/૮/૧૯ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, નગર રચના યોજના નં.૧૮ (કતારગામ) ને તૈયાર કરવાનો ઇરાદો જાહેર કરવામાં આવેલો. જેના સંદર્ભમાં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ તથા તેના નિયમો-૧૯૭૯ ની જોગવાઈ મુજબ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિત સંબંધ ધરાવનારાઓ તરફથી વાંધા/સૂચનો માંગવા આ સમિતિના તા.૮-૬-૯૦ ના ઠરાવ નં.૧૨ થી ઠરાવેલ. જે અંગે આવેલ વાંધા/સૂચનોનો અભ્યાસ કરી ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ આવેલ વાંધાઓને ધ્યાને લઈ મૂળ દરખાસ્તમાં જરુરી સુધારા/વધારા કરી તૈયાર કરવામાં આવેલ મુસદ્દારુપ નગર રચના યોજના નં.૧૮ (કતારગામ) ને ઉકત કાયદાની કલમ-૪૮(૧) મુજબ સમયમર્યાદામાં સરકારશ્રીની મંજુરી મેળવવા માટે સાદર કરવા મ્યુ.કમિશનરશ્રીને જરુરી કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૪૧ સર્વાનુમતે મંજુર

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

(સહી)
સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૯-૧૦-૯૦.

INWARD NO. ૯૬૮
P.D. ૭૦૮
Date. ૧૧-૧૦-૯૦